॥ સનાતન પરમો ધર્મ ॥ રવિવારી પૂર્તિ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Page: 01

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● આસો વદ - ૧ ● તા. ૧-૧૧-૨૦૨૦ ● રવિવાર SDP NO: 197 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

દેશ ના આર્યન મેન સરદાર વલ્લભભાઈ પટેલ ની જન્મ જયંતિ નિમિતે વડાપ્રધાન નારેન્દ્રમોદીજી દ્વારા પુષ્પાંજલી..



સમગ્ર પાટીદાર સંઘઠન ની આરસી.... કદમ. ૧૦. - સંઘઠન ના સારા નરસા પાસાઓ.
સરદારના વંશજ હોવાના ગૌરવ લેતા પાટીદારોમાં સરદારના નિડરતાના ગુણો ક્યારે ખીલશે?

અમરત પટેલ. (ગાંધીનગર) - આરસી...

સરદાર સાહેબ હૈદરાબાદના નિજામની સત્તા અને સંપત્તિ સામે પણ ખુમારીથી વર્તતા હતા. આજે આપણા સમાજ સંગઠણના નેતાઓ રાજ્યસત્તા સામે વારંવાર કેમ જુકી જતા હશે ? અને હરખપદુડા થઈ રજતતુલા કરવા, સ્ટેજ આપવા, ઉદઘાટન કરાવવા દોડી જતા હશે ?

કોઈ દાનની ઓફર કરે એટલે એને સમાજના ભામાશાનું બિરુદ આપતાં કેમ ખચકાતા નહીં હોય ? ભલે તે ગમે તેટલું કુપાત્ર હોય ? ધરમાંજ હત્યા કે આત્મહત્યા થઇ હોય કે મોટા કોભાંડ કરેલા હોય. તેમના નામની તકતી લગાવે કે નામકરણ કેમ કરાવે છે ?

સમાજમાં સ્ત્રીઓની દયનીય સ્થિતિ જોઇ દીકરીને જન્મ આપતાં કેમ ડરે છે ?

કુળદેવી માતાજીના સ્થાનકની ગુડવિલ રાજ્યસત્તાને વેચી રહ્યાનુ માઈ ભક્તો જાણતા હોવા છતાં વીરોધ કરવાની કેમ હિંમત નથી ?

સરદાર મણીબેનને સાથે રાખતા, તો સમાજ નારીશક્તીને કારોબારીમાં સ્થાન આપતાં કેમ ડરે છે ?

સરદાર વારસામાં કેટલી મિલ્કત મુકી ગયા તે સૌ જાણે છે છતાં તેટલી જ મિલ્કત ધરાવતા કોઇ સ્ટેજ ઉપર કેમ દેખાતા નથી?

સમાજ બે ભાગમાં વહેંચાઈ રહ્યો છે એક તરફ સત્તાધીશો, હોદેદારો, માલેતુજારો, દાનવીરો, અને બીજી બાજુ મધ્યમ અને પીસાતો વર્ગ જે તેમનો ઉધ્ધારક અને મશિહા શોધી રહ્યો છે.

પાટીદાર યુવાનોને નોકરી મેળવવી ખુબ કપરું કામ છે તેવી સરકારની નિતીઓ સામે અવાજ ઉઠાવવાને બદલે માત્ર કોચીંગ ક્લાસ ચલાવી પ્રસંશા મેળવી રહ્યા છે.

સરકારમાં કુલ કેટલી ભરતી થઈ તેમાં પાટીદાર યુવાનોનુ પ્રમાણ કેટલું છે ? તાલિમ કેટલા લઈ રહ્યા હતા તેમાં સફળ યુવાનોનુ પ્રમાણ કેટલું છે ? સફળ ઉમેદવારોમાં મહિલાઓનું પ્રમાણ પાટીદારોમાં કેટલું છે ? અને અન્ય જ્ઞાતિમાં કે સમગ્ર રાજ્યમાં કેટલું છે ? આવા જમીની હકીકત સમાજ સમક્ષ મુકતાં કેમ ડરે છે ? માત્ર સંસ્થાના સફળ ઉમેદવારોના આંકડા મુકી સમાજ ભ્રમણાઓમાં પડે છે.

ગામના ચોરાનું કદી નખ્ખોદ નથી જતું છતાં સમાજનો હોદ્દો તામ્રપત્ર ઉપર લખી આપ્યો હોય તેમ વર્ષો સુધી હોદ્દા ઉપર કેમ ચિપટાઈ રહે છે ? અને સ્વૈચ્છિક રીતે છોડતાં કેમ ડરે છે ?

સમાજના માલેતુજારો, બિલ્ડરો, ઉધ્ધોગપતિઓએ સમાજના સંગઠનોનો કબજો લઈ તેમના સ્વાર્થ માટે રાજ્યસત્તા સાથે ભળી અંગતલાભો માટે ઉપયોગ કરી રહ્યા છે તે જાણવા છતાં સમાજ કેમ ચુપ છે ?

રજતતુલા કરવા રાજ્યની કોઇ ક્ષાતિ કે સમાજ આગળના આવ્યો માત્ર પાટીદારોની કુળદેવી સંસ્થાન જ કેમ ?

પાટીદારોમાં મોટાપાયે સ્ત્રી ભૃણહત્યાઓ થઈ હોવા છતાં કોઇ ભડવીર સ્ટેજ ઉપર આવી પોતે સ્ત્રી ભૃણહત્યા કરાવડાવી છે તેવી કબુલાત કરવાની અને કેમ કરાવડાવી ? તે બતાવવાની હિંમત બતાવશે ?

સમાજના લોકો અને નેતાઓ સરદારની માફક નિડર કયારે બનશે ? અને ખુમારી અને ખુદ્દારી ધરાવતા ક્યારે થશે?

માનનીય નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ની ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય ના દર્શન. (કચ્છ ની અબડાસા સીટ ના ઉમેદવાર માટે ચૂંટણી સભા નું સંબોધન કરવા ની ઉપસ્થિતિ વેળા)

નખત્રાણા ખાતે નાયબ મુખ્ય મંત્રી નિતીન ભાઈ પટેલે લોખંડી પુરુસ સરદાર વલ્લભ ભાઈ ના સ્ટેચ્યુ ને ફૂલો ના હાર પહેરાવી ને લોખનડી પુરુસ સરદાર વલ્લભ ભાઈ પટેલ ને યાદ કર્યા ત્યાર બાદ રૂડિસતીમા ના સ્થાનકે દર્શન કરી પૂર્વ મુખ્ય મંત્રી કેશુભાઈ પટેલ ને શ્રદ્ધાંજલી આપી. પાટીદાર નેતાઓ સાથે બેઠક કરી હતી. કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય મત્રી કે. સી. પટેલ, રાજ્ય મંત્રી વાસણભાઈ, સાંસદ વિનોદ ચાવડા, ભચાઉ ધારાસભ્ય વીરેન્દ્ર સિંહ જાડેજા, ભુજ ધારાસભ્ય નિમાબેન પટેલ, જીલા ભાજપ સંઘઠનના કેશુભાઈ પટેલ સહિતના મંચસ્થ રહી અબડાસા વિધામસભા ના ઉમેદવાર પ્રદ્યુમ્નસિંહ જાડેજા ને જીતાડી ભાજપ ની વિકાસ યાત્રા મા સહભાગી થવા લોકો ને અપીલ કરી હતી.

મિશન અભિમન્યુ...

જય માતાજી

કોરોના ના વિકટ પરિસ્થિતિમાં જયારે આપણે સહુ કોઈ શાસનના આદેસાનુશાર ઘર પર રહી દરેક તહેવાર મનાવી રહ્યા છીએ. આવા સમયે આપણા દરેક ગુજરાતીનો પ્યારો અને ન્યારો એવો નવરાત્રી મહોત્સવ ને માં દુર્ગા ના નવ-સ્વરૂપો ની ઝાંખી અને પૌરાણિક કથાઓ ને વિદર્ભ રિજીયન માં વસતા વિવિધ જુદી જુદી સમાજ ની નાની નાની દીકરીઓ એ પ્રત્યક્ષ રૂપે રજૂ કરી મિશન અભિમન્યુ ને સાર્થક કરવા જબરદસ્ત પ્રયાસ કર્યા છે.

એ દીકરીઓના સંપૂર્ણ પરિવાર જનોના સાથ-સહકાર થી આજે ઘર-ઘર માં માતાજી ના સ્વરૂપો ને જાણી આધ્યાત્મિકતા ના સંસ્કારો નું વાવેતર થયું છે. સ્વ જાતે વસ્ત્ર પરિધાન કરી ને મતા ના સ્વરૂપ ને સાક્ષાત્કાર કરવાનો અદભુત પ્રયાસ કરેલ છે.

જગતજનની માં અંબેનો આશિર્વાદ સર્વે જ્ઞાતિજનો પર સદા બની રહે અને આપ સહુકોઈને શુભકામનાઓ સાથે કોટી કોટી વંદન..

આપના સેવામાં હમેશા...
જ્યોતિ રાજેશ સેંઘાણી
સામાજિક અને આધ્યાત્મિક સમિતિ
વિદર્ભ રિજીયન યુવાસંઘ...

અબડાસા વિધાનસભાના નખત્રાણા ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત ''વિજય સંકલ્પ '' સંમેલન માં માં કોંગ્રેસ ના શિક્ષિત મજબૂત ઉમેદવાર ડો. શાતીલાલ પટેલ (સેંઘાણી) ના સમર્થનમા કોષાધ્યક્ષ શ્રી ભરત ગુપ્તા ગાંધીધામ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી સંજય ગાંધી ની આગેવાની હેઠળ અને ગાંધીનગરના આગેવાનો કે.આર.પટેલ, મુકેશ પટેલ, રજનીકાન્ત પટેલ, અને ઉત્પલ પટેલ જયપ્રકાશ પટેલ (ઉઝા), ભરતભાઈ પટેલ (કુકરવાડા).વિનુભાઈ પટેલ(ડાભલા)ની ઉપસ્થીતીમા ૩૦૦ જેટલા પાટીદાર આગેવાનો કોંગ્રેસમા જોડાયા હતા. અને ભાજપના કાર્યકરો ખુબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા તથા ભાજપ પ્રદેશ લઘુમતી મોરચાના ઉપ પ્રમુખ અલીમામદ જત પોતાના ૨૦૦ કાર્યકરો સાથે કોંગ્રેસમા જોડાયા હતા.

સરદાર પટેલ ની જન્મ જયતી નિમિત્તે સરદાર ની પ્રતિમા ને ફુલહાર પહેરાવતા ગુજરાત રાજ્ય ના નાયબ મુખ્ય મત્રી અને ભાજપ અગ્રણીઓ.



વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

સામાજીક સશક્તિકરણ કેન્દ્ર

- પાટીદારોનું વૈશ્વિક સંગઠન
- સમાધાન પંચ
- ડિઝાસ્ટર મેનેજમેન્ટ
- કાનૂની / ઈમિગ્રેશન માર્ગદર્શન કેન્દ્ર
- વિધવા /ત્યકતા બહેનો માટે રોજગાર કેન્દ્ર
- જોબ પ્લેસમેન્ટ
- મહેસૂલી માર્ગદર્શન કેન્દ્ર
- કાયમી લગ્ન કેન્દ્ર
- મેટ્રીમોનીયલ સુવિધા કેન્દ્ર
- કાયમી ભોજનશાળા
- સામાજિક - વ્યાવસાયિક સંબંધોનું વૈશ્વિક જોડાણ

આઝાદી પછી સમગ્ર દેશને એકસુત્રમાં જોડી ભારતને લોખંડી ક્ષમતા આપનાર નેતૃત્વનું તત્વ પાટીદાર બની જન્મ લે છે અને મા ઉમિયાના વિશ્વમાં સૌથી ઉંચા મંદિર માટેનો પ્રબળ સંકલ્પ કરવા માટેનું સબળ મનોબળ ધરાવતું નેતૃત્વ પણ અહી જ જન્મ લે છે...

ટૂંકમાં કહીએ તો પડકારોને પડકારે એજ પાટીદાર...કારણ કે પડકારોનો સામનો કરવા માટેનું નેતૃત્વનું તત્વ પાટીદારોના લોહીમાં છે. પાટીદાર એટલે જ સાહસ, સમૃદ્ધિ અને સંગઠનનો ત્રિવેણી સંગમ.

વિશ્વભરમાં છવાયેલા પાટીદારો ગુજરાતીયો માટે જ નહી પરંતુ, તમામ ભારતીયોના હૃદયમાં પણ એટલું જ ગૌરવ ધરાવે છે. આવા પાટીદાર મિત્રોનું એકમાત્ર એવું વૈશ્વિક સંગઠન એટલે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન.

આપણા દેશની સંસ્કૃતિનો આ અનમોલ મંત્ર છે, જે કહે છે કે, ''સમગ્ર વિશ્વ એક પરિવાર છે.''

વસુધૈવ કુટુંબકમ્ - સમગ્ર વિશ્વ એક કુટુંબ છે એવા ભારતીય સંસ્કૃતિના દ્રષ્ટિકોણને સમસ્ત વિશ્વએ સ્વીકારેલ છે. આપણે સૌ જગત જનની મા ઉમિયાના સંતાનો છીએ. મા ઉમિયાની અસીમ કૃપા આપણા ઉપર અપરંપાર છે અને તેથી જ વિશ્વભરમાં ઓજસ પ્રસરાવી રહેલા પાટીદાર પરિવારો બંધુત્વની લાગણી અનુભવે છે.

સમાજના સંઘબળ અને સંકલ્પબળનો ઉપયોગ કરી તેની શકિતઓના ગુણાકારથી આપણે સુખી સંપન્ન પરિવારનો સહયોગ મેળવી સમાજના જરૂરિયાતમંદ પરિવારોને વિવિધ ક્ષેત્રે મદદરૂપ થઇ તેમની ભાવનાઓને મા ઉમિયા પ્રત્યેની આસ્થા સાથે જોડી નવી ઊર્જાનો સંચાર કરવાના ઉદ્દેશથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન કાર્યરત છે.

પાટીદારોની વૈશ્વિક સંસ્થાની છબીને સક્ષમ બનાવવા માટે આપણે અમદાવાદમાં ૧૦૦૦ કરોડના વૈશ્વિક દાનપ્રવાહ દ્વારા ૪૩૧ ફૂટનું વિશ્વનું સૌથી ઉંચું મંદિરનું નિર્માણ અને સામાજીક સશકિતકરણ અને માનવ ઉત્કર્ષના અનેક કાર્યો દ્વારા સમાજ સક્ષમ બને તે માટે વિશ્વ ઉમિયા પાટીદાર ફાઉન્ડેશન કટીબદ્ધ છે. જેમાં સમાજનો અપ્રતિમ પ્રતિસાદ મળેલ છે.

ઉમાછત્ર સહાય યોજના અંતર્ગત પરિવારમાં જ્યારે પણ કોઇ સભ્યનું અકાળે અવસાન થાય છે ત્યારે, તે પરિવાર આર્થિક સંકટમાં મુકાઇ જાય છે. ત્યારે વૈશ્વિક સંગઠન દ્વારા પારિવારિક બંધુત્વની ભાવનાને ઉજાગર કરી તેવા પરિવારોને ઉમાછત્ર કવચથી સુરક્ષિત કરવાનો માનવતાસભર ઉદ્દેશ છે. જેમાં દરેક સમાજના સુખી-સંપન્ન પરિવારો સહિત તમામને જોડાવા નમ્ર અપીલ છે.

...તો આવો આપણે સૌ સાથે મળી આ સંકલ્પને પરિપૂર્ણ કરીએ...

દીપકભાઈ એમ. પટેલ ઉપપ્રમુખશ્રી	આર. પી. પટેલ પ્રમુખશ્રી	ડી. એન. ગોલ ઉપપ્રમુખશ્રી
જયંતિભાઈ કે. લાકડાવાળા ચેરમેનશ્રી	ઉમાછત્ર કમિટી	અનિલભાઈ વિ. પટેલ કો.ચેરમેનશ્રી

ટીમ – વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

વિશ્વ ઉમિયાધામ એક વિચારધારા છે, જે અંતર્ગત સામાજીક સશકિતકરણ કેન્દ્ર સમા વિશ્વ ઉમિયાધામના નિર્માણની કટિબદ્ધતા અગ્રીમ લક્ષ

અબડાસા (કચ્છ) વિધાનસભા બેઠક ચૂંટણી (૩ નવેમ્બર ૨૦૨૦, મંગળવાર) મતદાન અંગે અપીલ

સુજ્ઞ જ્ઞાતિ જનો... દ.ગુ. કચ્છ કડવા પાટીદાર સમાજના જે જ્ઞાતિજનોનું કચ્છમાં પોતાના ગામના વોટિંગ લિસ્ટમાં નામ છે તે સૌ જ્ઞાતિજનોને સમાજ હિતને ધ્યાનમાં રાખી, અચૂક મતદાન કરી ફરજ અદા કરવા નમ્ર અપીલ છે. મતદાન માટે, આવવા જવા માટેની વાહન વ્યવસ્થા કરેલ છે.

સંપર્ક : મયુર રંગાણી, સુરત (૯૬૮૭૭ ૭૭૭૫૮) ભાવેશ છાભૈયા, કડોદરા (૯૪૨૮૭ ૪૦૦૦૨)

મતદાન માટે સહુ ને ૦૨ નવેમ્બર તારીખે નીકળવાનું રહશે..

દક્ષિણ ગુજરાત ની વ્યવસ્થા... દ.ગુ. કચ્છ કડવા પાટીદાર સમાજ ઝોન

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. ''સનાતન ધર્મ પત્રિકા''૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૩૦.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નબર ૧૫૨ :

ભુજના ભુજિયા કિલ્લામાં ક્યું પ્રાચીન મંદિર આવેલું છે ?

જવાબ : ભુજંગ દેવ મંદિર

જવાબ આપનાર વિજેતા : વિઠ્ઠલ દાસ મનજી પટેલ - મોરબી, ૯૮૨૫૨ ૨૪૭૯૬.

ગઈકાલ તા.૩૧.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૫૩ :

ક્યા મહારાષ્ટ્રીયન કવિએ ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે ?

આજના પ્રશ્ન નંબર ૧૫૪ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

અવસાન નોંધ

તારીખઃ ૩૦/૧૦/૨૦

સ્વ. મોહનલાલ અબજી વાસાણી, ઉમર : ૫૯ વર્ષ
કચ્છ : નવાવાસ- રવાપર,
હાલે : ઈરોડ.

સ્વ. ગણપત ભાઈ પ્રેમજીભાઈ છાભૈયા, ઉમર વર્ષ ૫૪
ભુજપુરા કંપા વડાગામ.

તારીખ : ૩૧/૧૦/૨૦

સ્વ. દેવશીભાઈ નારાયણ લીંબાણી, ઉંમર : ૭૭ વર્ષ
કચ્છ : પાલનપુર,
હાલ : નાગપુર.

સ્વ. મરઘાબેન ગોપાલભાઈ ડોસાણી, ઉમર વર્ષ ૭૮
કચ્છ માં ગામ નખત્રાણા (નવાવાસ)